પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૧૮ ૨૯ જાન્યુઆરી, ૨૦૧૮, સોમવાર ; મહા સુદ - ૧૩ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજથી સંસદનું બજેટ સત્ર

**પહેલી ફેબ્રુઆરીએ બજેટ : બજેટ સત્ર બે તબક્કામાં ચાલશે : તોફાની બનવાના સંકેતો : રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના બંને ગૃહોના સંયુક્ત સત્રને સંબોધન સાથે શરૂઆત થશે : ત્રિપલ તલાક, પછાત પંચ સહિતના મહત્વપૂર્ણ બિલ રજૂ થઇ શકે છે**



નવીદિલ્હી,તા. ૨૮

સંસદનું બજેટ સત્ર આવતીકાલથી શરૂ થઇ રહ્યું છે. બજેટ સત્ર દેશના તમામ લોકો માટે ખુબ મહત્વપૂર્ણ છે. નાણામંત્રી અરુણ જેટલી પહેલી ફેબ્રુઆરીના સામાન્ય બજેટ રજૂ કરનાર છે. બજેટની સાથે રેલવે બજેટ પણ રજૂ કરવામાં આવશે. સંસદીય બાબતોના મંત્રી અનંત કુમારે આજે આ મુજબની જાહેરાત કરી હતી. બજેટ સત્ર રિશેસ સાથે બે તબક્કામાં ચાલનાર છે. સેશનનો પ્રથમ હિસ્સો નવમી ફેબ્રુઆરી સુધી ચાલશે. ત્યારબાદ પાંચમી માર્ચથી બીજો હિસ્સો શરૂ થશે જે છઠ્ઠી એપ્રિલ સુધી ચાલશે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધન કરશે. આની સાથે જ બજેટ સત્ર આવતીકાલથી શરૂ થઇ જશે.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ હોદ્દો સંભાળી લીધા બાદ પ્રથમ વખત સંસદની સંયુક્ત બેઠકને સંબોધન કરશે. ૯મી ફેબ્રુઆરીથી સત્રમાં રજા રહેશે. આ સત્ર દરમિયાન અનેક મહત્વપૂર્ણ બિલ લાવવામાં આવનાર છે જેમાં પછાત વર્ગ માટે પંચ અને ત્રિપલ તલાક

● અનુસંધાન પાન-૭ પર

## સર્વપક્ષીય બેઠક યોજાઈ

નવીદિલ્હી, તા. ૨૮

સંસદનું બજેટ સત્ર સાનુકુળરીતે ચાલે અને કામગીરી પરિણામલક્ષી રહે તેની ખાતરી કરવા બજેટ સત્રના એક દિવસ પહેલા બેઠકોનો દોર જારી રહ્યો હતો. સંસદના બજેટ સત્ર પહેલા આજે સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી. લોકસભા સ્પીકર સુમિત્રા મહાજને પણ સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. આજે બજેટ સત્રના એક દિવસ પહેલા સાંજે સર્વપક્ષીય બેઠક મળી હતી. સંસદીય બાબતોના મંત્રીએ આ બેઠક બોલાવી હતી. અનંતકુમારે બજેટ સત્ર યોગ્યરીતે ચાલે તે હેતુસર આ બેઠકનું આયોજન કર્યું હતું. બીજી બાજુ મોડી સાંજે લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજને તમામ પક્ષોની બેઠક યોજી હતી. ત્યારબાદ ડિનરનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ન્યુઝ ટ્રેક

### આઈપીએલમાં નેપાળની એન્ટ્રી

માત્ર ૧૭ વર્ષની વયના સંદીપ લેમીછાનેને પ્રતિષ્ઠિત આઈપીએલમાં કરારબદ્ધ કરવામાં આવ્યા છે. આઈપીએલમાં પ્રવેશ મેળવનાર પ્રથમ નેપાળી ક્રિકેટર સંદીપને દિલ્હી ડેરડેવિલ્સની ટીમે રૂ. ૨૦ લાખમાં ખરીદ્યો છે.

### પદ્માવત ૧૦૦ કરોડ ક્લબમાં થશે સામેલ

શરૂઆતના માત્ર ચાર જ દિવસમાં ૮૩ કરોડની કમાણી કરનાર પદ્માવત ટુંક સમયમાં જ ૧૦૦ કરોડ ક્લબમાં સામેલ થઈ જશે.

### સાઉદી પ્રિન્સ અઢી મહિના બાદ કેદમાંથી મુક્ત

ભ્રષ્ટાચારના આરોપો હેઠળ જેલ હવાલે થયેલા સાઉદીના પ્રિન્સ અલવલીદ બિન તલાલ અઢી મહિના બાદ કેદ મુક્ત થયા છે.

### કાશ્મીરના શોપીંયામાં બે પથ્થરબાજના મોત

જમ્મુ-કાશ્મીરના શોપીયામાં શનિવારે સાંજે સેનાના વાહનો પર ભારે પથ્થરમારાના જવાબમાં સેનાએ ફાયરીંગ કરવું પડ્યું હતું. જેમાં બે યુવકોના મૃત્યુ નીપજ્યા હતા.

### સિદ્ધેશ્વર સ્વામીએ પદ્મશ્રી એવોર્ડ પરત કર્યો

આધ્યાત્મિક ગુરૂ સિદ્ધેશ્વર સ્વામીએ પદ્મશ્રી એવોર્ડ પરત કરી દીધો છે. વડાપ્રધાન મોદીને લખેલાં પત્રમાં તેઓએ લખ્યું કે તેઓ એક સંન્યાસી છે, અને તેમને એવોર્ડ પસંદ પણ નથી.

## મહાદયી નદીના પાણીની ગોવામાં ફાળવણી કરાતાં રાજકારણ ગરમાયું

**કર્ણાટક ચૂંટણી જંગમાં ભાજપ-કોંગ્રેસ માટે મહાદયી નદી માથાનો દુઃખાવો બની!!?**

બેંગ્લુરુ,તા.૨૮

કર્ણાટકમાં મહાદયી નદીના પાણીની ગોવામાં ફાળવણી કરવાના મુદ્દે રાજકારણ ગરમાયું છે. કર્ણાટકમાં ત્રણ મહિનામાં વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે. આ મુદ્દે ખેડૂતોએ ચોથી ફેબ્રુઆરીએ પીએમ મોદી કર્ણાટકની મુલાકાતે જાય તેવી શક્યતા છે ત્યારે બંધના એલાનની ધમકી આપી છે. તો ભાજપે પણ ૧૦ ફેબ્રુઆરીએ બંધનું એલાન આપ્યું છે અને તે દિવસે રાહુલ ગાંધી ચૂંટણી પ્રચાર માટે જવાના છે.

કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી નજીક છે. ૨૮ મેના દિવસે હાલની કોંગ્રેસની સરકારનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે. ત્યારે કોંગ્રેસ કોઈપણ ભોગે સત્તા સાચવી રાખવા કમર કસી છે. તો ભાજપે પણ કમળ ખિલવવા અને સત્તા આંચકી લેવા રણનીતિ આરંભી દીધી છે. કર્ણાટકમાં હાલ મુખ્ય મુદ્દો મહાદયી નદીનો બન્યો છે. મહાદયી નદીના પાણી ગોવાને ફાળવવાનો વિવાદ વધ્યો

● અનુસંધાન પાન-૭ પર

## મોદીએ મનકી બાતમાં મહિલા સશક્તિકરણનો મહિમા કર્યો



ન્યુ દિલ્હી,તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રેડિયો પર 'મન કી બાત' દ્વારા દેશવાસીઓને સંબોધન કર્યુ હતુ. જાન્યુઆરીના અંતિમ રવિવારે પીએમ મોદી ૪૦મી વખત 'મન કી બાત' કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાતમાં મહિલા સશક્તિકરણ પર ભાર મુકતા કહ્યું હતું કે પહેલી ફેબ્રુઆરીએ કલ્પના ચાવલાની પુણ્યતિથિ છે. ૧ ફેબ્રુઆરીએ કલ્પના ચાવલાનું સ્પેસક્રાફ્ટ દૂર્ઘટનામાં મોત નિપજ્યું હતું પરંતુ તેઓએ અનેક યુવતીઓને પ્રેરણા આપી છે. આપણી નારી શક્તિ નેતૃત્વ કરી રહી છે અને આગળ વધી રહી છે. છત્તીસગઢની આદિવાસી મહિલાઓનો મોદીએ કર્યો ખાસ ઉલ્લેખ કર્યો છે. આ મહિલાઓએ દંતેવાડની છે અને આ વિસ્તારમાં માઓવાદીઓ હોય છે. આવા ખતરનાક વિસ્તારમાં આદિવાસી મહિલાઓ

● અનુસંધાન પાન-૭ પર

## જમ્મુ કાશ્મીરના અનેક ભાગોમાં ઈન્ટરનેટ બંધ

જમ્મુ,તા. ૨૮


જમ્મુ કાશ્મીરમાં ફરી એકવાર અનેક વિસ્તારોમાં ઈન્ટરનેટની સેવા બંધ કરી દેવામાં આવી છે. અલગતાવાદીઓ તરફથી આપવામાં આવેલા બંધ બાદ સરકારે ઈન્ટરનેટ સેવા બંધ કરી દીધી છે. સેનાના ગોળીબારમાં કાશ્મીરના સોપિયા જિલ્લામાં બે લોકોના મોત થયા હતા. ત્યારબાદ અલગતાવાદીઓ બંધની હાકલ કરી હતી. જેના ભાગરુપે ઈન્ટરનેટ સેવા બંધ કરવામાં આવી હતી. બીજી બાજુ ગોળીબારના સંદર્ભમાં સેનાએ કહ્યું છે કે, પથ્થરબાજીની ઘટનાના કારણે આત્મરક્ષા માટે ગોળીબાર કરવામાં આવ્યો હતો. સ્થાનિક લોકોએ સેનાની ટુકડી પર પથ્થરમારો કર્યો હતો. બીજી બાજુ મુખ્યમંત્રી મહેબુબા મુફતીએ આ મામલામાં તપાસના આદેશો આપ્યા છે. આ ઘટના બાદ સંરક્ષણમંત્રી નિર્મલા સીતારામન સાથે પણ વાતચીત કરી છે. સીતારામને રિપોર્ટની માંગ કરી છે. બીજી બાજુ આ ઘટના બાદ પોલીસે આર્મી યુનિટની સામે કેસ કર્યો છે.

## આઈપીએલ-૧૧ હરાજીમાં બીજા દિવસે ગુજરાતનો જયદેવ સૌથી મોંઘો ખેલાડી

**રાજસ્થાન રોયલ્સે જયદેવને ૧૧.૫ કરોડમાં ખરીદી લીધો : કેએલ રાહુલ અને મનિષ પાંડેને પાછળ છોડ્યા : સતત બીજા વર્ષે બેનસ્ટોક ૧૨.૫ કરોડ સાથે સૌથી મોંઘો ખેલાડી : ક્રિસ ગેઇલની પ્રતિષ્ઠા બચી ગઈ**

બેંગ્લુરુ,તા. ૨૮

જયદેવ ઉનડકટ



આઈપીએલ હરાજી ૨૦૧૮ના બીજા દિવસે સૌથી મોંઘા ખેલાડી તરીકે રહ્યો હતો. જયદેવને રાજસ્થાન રોયલ્સે ૧૧.૫ કરોડ રૂપિયાની જંગી રકમ સાથે ખરીદી લીધો હતો. આની સાથે જ તે આઈપીએલની આ સિઝનમાં સૌથી મોંઘા ભારતીય ખેલાડી તરીકે ઉભર્યો છે. કેએલ રાહુલ અને મનિષ પાંડેને પાછળ છોડીને બાજી મારી દીધી છે. આ બંને ખેલાડીઓને ક્રમશઃ કિંગ્સ ઈલેવન પંજાબ અને સનરાઈઝ હૈદરાબાદે ૧૧-૧૧ કરોડમાં ખરીદી લીધા છે. બેન સ્ટોક સતત બીજા વર્ષે આઈપીએલમાં સૌથી મોંઘા ખેલાડી તરીકે રહ્યો છે. રાજસ્થાન રોયલ્સે ૧૨.૫ કરોડ રૂપિયામાં તેને ખરીદી લીધો છે. અફઘાનના રશીદ ખાનને સનરાઈઝે આરટીએમનો ઉપયોગ કરીને નવ કરોડમાં ખરીદી લીધો હતો. આ વર્ષે આઈપીએલમાં ૧૫૯ ખેલાડીઓ ઉપર ૪૩૧ કરોડ ૭૦ લાખ રૂપિયાની રકમ ખર્ચ કરવામાં આવી છે. આઈપીએલની હરાજી પ્રક્રિયા આજે પૂર્ણ થઈ હતી. ચેન્નાઈ સુપર કિંગ્સે મહત્તમ ૨૫ ખેલાડીઓને પોતાની ટીમમાં સામેલ કર્યા છે. તેની પાસે ૬.૫ કરોડ રૂપિયાની રકમ બચી છે. કોલકાતા નાઈટ રાઈડર્સે ૧૯ ખેલાડીઓને સામેલ કર્યા છે. રોયલ ચેલેન્જર્સે ૨૪ ખેલાડીઓને સામેલ કર્યા છે. એન્ડ્રુ ટાઈ જે પ્રથમ આઈપીએલમાં રમતીવેળા હેટ્રીક કરી શક્યો હતો તેને કિંગ્સ ઈલેવન પંજાબે ૭.૨ કરોડમાં ખરીદી લીધો છે. વેસ્ટઈન્ડિઝના મહાન ખેલાડી ક્રિસ ગેઈલની પ્રતિષ્ઠા આખરે બચી હતી. કિંગ્સ ઈલેવન પંજાબે બે કરોડમાં તેને ખરીદી લીધો હતો.




## અબુ ધાબીમાં બંધાશે પ્રથમ હિન્દુ મંદીર : ૧૧મીએ મોદી ઉદ્‌ઘાટન કરશે

ન્યુ દિલ્હી,તા.૨૮

મુસલીમ કન્ટ્રી ગણાતા દુબઈમાં પહેલું હિન્દુ મંદીર બંધાવા જઈ રહ્યું છે. આ મંદીર દુબઈનાં અબુ ધાબી શહેરમાં બંધાવવામાં આવશે. જેને બીએપીએસ સ્વામીનારાયણ સંસ્થાએ બંધાવ્યુ છે. આ મંદીરનું ઉદ્ધાટન દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરશે. ૧૧ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ આ મંદીરનું ઉદ્ધાટન કરવામાં આવશે.




## એર ઈન્ડિયામાં ૪૯ ટકા હિસ્સો ખરીદવા વિદેશી કંપની તૈયાર




ન્યુ દિલ્હી,તા.૨૮

કેન્દ્રના નાગરિક ઉડ્ડયન પ્રધાન અશોક ગજપતિ રાજુએ જણાવ્યું છે કે એર ઈન્ડિયામાં ૪૯ ટકા હિસ્સો ખરીદવા માટે એક વિદેશી કંપનીએ રસ દાખવ્યો છે.

રાજુએ જણાવ્યું હતું કે એર ઈન્ડિયાના વિમાનો ખરીદી લેવા માટે વિદેશી કંપનીને રુચિ દર્શાવી છે. દેવામા ડૂબેલી એર ઈન્ડિયા વિશે તેમણે કહ્યું હતું કે તપાસ પરથી ખબર પડી છે કે એર ઈન્ડિયા પર રૂ. ૫૦ હજાર કરોડનું દેવું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે એર ઈન્ડિયાના ડિસ ઈન્વેસ્ટમેન્ટની પ્રક્રિયામાં એકમાત્ર ઈન્ડિગોએ જ વિધિવત રીતે રસ દાખવ્યો છે. એર ઈન્ડિયાના ડિસઈન્વેસ્ટમન્ટની જાહેરાત વખતે ઈન્ડિગોએ એક પત્ર પાઠવ્યો હતો. તેમાં લખ્યું હતું કે તેને વિદેશમાં ઉડ્ડયન શરૂ કરવામાં રસ છે. જ્યારે એક વિદેશી કંપનીએ એર ઈન્ડિયાના ૪૯ ટકા શેર ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરી છે.